# विपश्यना

साधकोनुं मासिक प्रेरणापत्र

बुद्धवर्ष 2553 ❖ श्रावण पूर्णिमा ❖ 05 ओगष्ट 2009 ❖ वर्ष – 10 ❖ अंक – 5 ❖ सळंग अंक - 113

## ધમ્મવાણી

न भजे पापके मित्ते, न भजे पुरिसाधमे ।
भजेथ मित्ते कल्याणे, भजेथ पुरिसुत्तमे ।।
धम्मपद – ७८

ન પાપી મિત્રોનો સંગ કરો, ન અધમ પુરુષોનો. સંગ કરો તો કરો કલ્યાણ મિત્રોનો, ઉત્તમ પુરુષોનો.

# ૮૬ વરસની આયુનાં ૪૦ વરસ પૂરાં થયાં

ધર્મદાનનાં ૪૦ વરસ પૂરાં થયાં. વીતેલા દિવસો પર નજર નાખું છું તો જોઉં છું કે એક ૪૫ વર્ષીય પ્રૌઢ યુવક પોતાની પ્રિય જન્મભૂમિ મ્યંમા છોડીને ભગવાન બુદ્ધનાં ચરણો થકી પાવન થયેલ ભારતભૂમિમાં આવ્યો. ગુરૂદેવ ઉ બા ખિન વારે વારે કહ્યા કરતા હતા કે સદીઓ અગાઉ ભારતે આપણને ધર્મના અમૂલ્ય રત્ન વિપશ્યનાનું દાન આપ્યું. આપણે આ મહાન વિદ્યા યથાવત્ શુદ્ધ સ્વરૂપમાં સંભાળીને રાખી. જયારે, દુર્ભાગ્યે ભારતે તે પૂર્ણપણે ગુમાવી દીધી. મ્યંમા પર ભારતનું આ અણમોલ ઋણ છે, એ આપણે આદરપૂર્વક પાછું વાળવાનું છે.

ભારતમાંથી લુપ્ત થયેલ વિપશ્યનાના પુનર્જાગરણને માટે તેઓ જાતે ભારત આવવા ઉત્સુક હતા. પરંતુ, કેટલાંક કારણસર તે શક્ય ન થયું. ત્યારે તેઓએ ૧૯૬૯માં જૂન માસના છેલ્લા અઠવાડિયામાં મને આ પુરાતન પરંપરાનો વિધિવત્ આચાર્ય સ્થાપિત કર્યો અને ભારતનું ઋણ ચૂકવવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય પણ સોંપ્યું. હું ચકિત થઇ ગયો. બુદ્ધવાણી અને વિપશ્યના વિદ્યામાં મને સારી પેઠે પ્રશિક્ષિત કરવામાં આવ્યો હતો, તેમ જ વિપશ્યના શિબિર લગાવવાની થોડીઘણી ટ્રેનિંગ પણ અપાઇ હતી. પરંતુ, આ ગંભીર અને મહત્ત્વપૂર્ણ જવાબદારી માટે હું પોતાને સર્વથા અયોગ્ય સમજતો હતો. મને અચકાતો અને ટાળાટાળ કરતો જોઇ ગુરૂદેવે દૃઢ શબ્દોમાં કહ્યું, ‘‘કેમ ગભરાય છે?તું એકલો થોડો જ જઇ રહ્યો છે? ધર્મના સ્વરૂપે હું પણ તારી સાથે આવી રહ્યો છું. વર્તમાનમાં ભારતમાં પૂર્વ પુણ્યપારમીસંપન્ન એવી અનેક વ્યકિતઓએ જીવન ધારણ કરેલ છે, જેઓ સ્વયં તારી તરફ ખેંચાઇ આવશે. ધર્મની તરફ ખેંચાઇ આવશે. તારે રંચમાત્ર પણ ચિંતા કરવાની જરૂર નથી. ધર્મ પોતાનું કામ પોતે જ કરશે. હવે બુદ્ધ–શાસનના ૨૫૦૦ વર્ષ પૂરાં થઇ ચૂકયાં છે. ઉપયુકત સમય આવી ગયો છે. ઋણ તો ચૂકવવાનું જ છે. ભારતમાં વિપશ્યનાનું પુનર્જાગરણ થવાનું જ છે. આ મહત્ત્વપૂર્ણ કામ તારા હાથે થશે. નિશ્ચિંત થઇને જા.’’

તેમનો આદેશ મેળવી બે–ચાર દિવસમાં જ હું ભારત જવા રવાના થઇ ગયો. પરંતુ, નિશ્ચિંત તો ન જ થઇ શકયો. ચિંતા હતી કે મને ધર્મગુરૂ તરીકે કોણ સ્વીકારશે. મારાં રૂપ–રંગ અને વેશભુષા પણ ધર્મગુરૂ જેવાં નથી. ન માથા પર જટા, ન ચહેરા પર દાઢી–મૂછ, ન મુંડન કરેલ માથું ન શરીર પર પીતાંબર. હું એક સાધારણ બરમી ગૃહસ્થ નાગરિક હતો. બરમાથી અધ્યાત્મની અમૂલ્ય વિદ્યા લઇ આવ્યો હતો. મિથ્યા દેખાવ કરવાથી સર્વથા વિરૂદ્ધ હતો. મારી બરમી લુંગી અને અંગી (નાનકડું અંગરખું–ડગલો–) નો પહેરવેશ છોડવાની તૈયારી ન હતી. આ વેશભુષામાં મારા જેવી અપરિચિત વ્યકિતને ધર્મગુરૂ તરીકે કોણ સ્વીકાર કરશે?

ભારત આગમન બાદ મુંબઇમાં અમારા પારિવારિક ઘરમાં ઊતર્યો. જોયું કે ત્યાં કોઇને પણ વિપશ્યનામાં લેશમાત્ર પણ રૂચિ નથી. પરિવારના સહુ સભ્યો વિપશ્યનાથી વિરૂદ્ધ કોઇ ને કોઇ અન્ય સાધના–પથ પર આરૂઢ છે. સ્વાભાવિકપણે વિપશ્યનાની શિબિર લગાવવામાં મને સાથ આપે, તેની જરા પણ આશા નથી. પહેલી શિબિર પણ કેવી રીતે લાગશે? કોણ લગાવશે? શિબિરમાં કોણ બેસશે? આવાં કારણોથી નિરાશા, હતાશા, અને ઉદાસી મન પર છવાવા લાગી હતી.

બીજી કે ત્રીજી રાત હતી. નિરાશાસભર ઉદાસીમાં સૂતો જ હતો કે અચાનક રોશનીનું એક નાનકડું કિરણ લાધ્યું. આંખ ખુલતાં જ ભાન આવ્યું કે શિબિર લગાવવાળો હું કોણ છું? આ તો ધર્મનું કામ છે. તે પોતાનું કામ જાતે જ કરશે.

સવાર થતાં જ કેટલાક મિત્રો–પરિચિતો મળવા આવ્યા. સાધનાની શિબિરની ચર્ચા નીકળી. મેં કહ્યું કે એવું સ્થળ કયાં છે જયાં શિબિર લાગે? જો એ થાય તો વ્યવસ્થા કોણ સંભાળશે ? તેથીય વધુ, મારી સાથે દસ દિવસ કોણ બેસશે?

આ સાંભળતાં જ ઉપસ્થિત મહેમાનોમાંથી એક દયાનંદ અડુકિયાએ ઝટ દઇને કહ્યું, ‘‘આપ આની ચિંતા ન કરો. સ્થળની જવાબદારી મારા પર અને શિબિરની પૂરી વ્યવસ્થા પણ હું સંભાળીશ. આ સાંભળતાં જ બરમાથી આવેલા મારા એક ઘનિષ્ઠ મિત્ર કાંતિલાલ ગો. શાહે કહ્યું કે શિબિરમાં બીજું કોઇ બેસે ન બેસે, હું જરૂર બેસીશ અને સાથે મારા એક બે મિત્રોને પણ લાવીશ.

ધર્મએ પોતાનું કામ કર્યું અને પહેલી શિબિર લગાવવી સરળ થઇ ગઇ. દયાનંદ અડુકિયાએ વ્યવસ્થા સંભાળી અને તેમનો પુત્ર વિજય અડુકિયા શિબિરમાં સામેલ થયો. કાંતિલાલની સાથે તેમના મિત્ર બી.સી. શાહ આવ્યા. સહુથી વિશેષ વાત એ થઇ કે જેમની કોઇ સંભાવના નહોતી, તે મમતામયી પૂજય માતાજી સાથે, પૂજય પિતાજી પણ આ શિબિરમાં બેસવા સંમત થઇ ગયા. આ જ રીતે, કેટલાંક અન્ય સગાં–સંબંધી બેઠાં અને કુલ ૧૩

લોકોની પ્રથમ શિબિર સરસ રીતે સંપન્ન થઇ. પ્રિય દયાનંદે બહુ સારી રીતે વ્યવસ્થા સંભાળી. ભારતમાં વિપશ્યનાના પુનરાગમનના ઇતિહાસમાં દયાનંદ અડુકિયા અને કાંતિલાલ ગો. શાહનાં નામ સદૈવ યાદ કરવામાં આવશે.

પહેલી શિબિર પૂરી થતાં જ હું મદ્રાસ ગયો. ત્યાં અત્યંત સુખદ આશ્ચર્ય થયું. ત્યાં મોટાભાઇ બાલકૃષ્ણમાં પ્રેમસભર ભ્રાતૃભાવ જાગ્યો. તે ખુદ તો વિપરિત માર્ગમાં અટવાયેલો હતો જ. અને તેનું પુરું કુટુંબ પણ એ જ માર્ગમાં જકડાયેલું હતું. તેમ છતાં તેણે પોતાના નાનાભાઇનું માન રાખવા ખાતર કેટલાંય સાર્વજનિક પ્રવચન કરાવ્યાં અને શિબિર પણ લગાવી. હું ધન્ય થયો. તે શિબિરમાં પરિવારનાં કેટલાંક લોકોની સાથે ભાઇ ચૌથમલનો પુત્ર શ્યામસુંદર પણ સમ્મિલિત થયો.

પછી કેટલીક શિબિર મુંબઇમાં ધર્મશાળામાં લાગી. ત્યાર પછી હું ઉત્તર ભારત ગયો. ત્યાં મારા અભિન્ન મિત્ર સાહિત્યકાર યશપાલ જૈને બિરલા મંદિરની અતિથિશાલામાં શિબિર લગાવી. આ પછી તો ઉત્તર ભારતમાં શિબિરોની હારમાળા લાગી ગઇ.

ચૌદમી શિબિર બોધગયાના સમન્વય આશ્રમમાં લાગી, જેમાં અનેક ભિક્ષુઓ સાથે મારા જૂના મિત્ર અનાગારિક મુનીન્દ્ર સામેલ થયા. તેઓએ ધારાપ્રવાહના પ્રથમ અનુભવથી પ્રભાવિત થઇ પૂજ્ય ગુરુદેવને રંગુન એક ભાવભીનો પત્ર લખ્યો.

ઉત્તર ભારતમાં ઠેકઠેકાણે શિબિરો લાગતી રહી, જેમાં ૨–૪ વિદેશીઓ પણ ભાગ લેતા રહ્યા. હું તેમને અલગપણે અંગ્રેજીમાં પ્રવચન તથા સાધના વિષયક સૂચનાઓ સમજાવતો, જેનાથી તેઓ સંતુષ્ટ, પ્રસન્ન થઇ ગંભીરતાપૂર્વક તપતા હતા.

વીસમી શિબિરમાં કેટલાક વિદેશી સાધકોએ માગણી કરી કે તેમના માટે અલગ શિબિર અંગ્રેજીમાં લગાવવામાં આવે. પરંતુ, મેં તેનો અસ્વીકાર કર્યો, કારણ કે ભારતીયોની શિબિરમાં આવેલા ૨–૪ વિદેશીઓને અલગથી સમજાવવું એક વાત હતી, જયારે પૂરેપૂરી શિબિર ફકત વિદેશીઓ માટે અંગ્રેજીમાં ચલાવવી મારા માટે અશકય હતું. તેમણે પૂજય ગુરુદેવને રંગૂન ફરિયાદ કરી. ગુરુદેવનો મારા પર કઠોર આદેશ આવ્યો કે હું તેમના માટે શિબિર અવશ્ય લગાવું. ભાષાની તકલીફ ધર્મ દૂર કરશે. હું ખચકાતો ખચકાતો ગુરુદેવના આદેશથી શિબિર લગાવવા ડેલહાઉસી ગયો. પહેલે દિવસે સાંજનું પ્રવચન ફકત ૧૫ મિનિટ, બીજા દિવસે અર્ધો કલાક અને ત્રીજા દિવસે તો હિંદીની માફક અંગ્રેજીમાં પૂરા કલાકનું ધારા પ્રવાહ પ્રવચન આપવા લાગ્યો. મને ખુદને બહુ અચરજ થયું. આ ધર્મનો પ્રતાપ અને ગુરૂદેવની મંગલ મૈત્રી જ હતી. શિબિર ખૂબ સફળતાપૂર્વક સંપન્ન થઇ.

આના પછી તો ભારતીય ગૃહસ્થો, ભિક્ષુ તથા સંન્યાસીઓની સાથોસાથ બહોળી સંખ્યામાં વિદેશી યુવક–યુવતીઓની કતાર લાગી ગઇ. હું ખૂબ સરળતાપૂર્વક હિંદી અને અંગ્રેજી બન્ને ભાષાઓમાં શિબિરો લગાવવા માંડયો. આને લઇ વિદેશીઓની મોટી ભીડ જામવા માંડી. તેમાંથી એક હતો ડેનિયલ ગોલમેન, જે આગળ જતાં અમેરિકાનાં લબ્ધપ્રતિષ્ઠિત વાણિજ્યિકો તથા ઉદ્યોગપતિઓનો પ્રસિદ્ધ સલાહકાર બન્યો. એ જ દિવસોમાં જોસેફ ગોલ્ડસ્ટીન અને શેરોન સાલ્ઝબર્ગ પણ સામેલ થયા, જે આગળ જતાં અમેરિકામાં પોતાના તરફથી વિપશ્યના શીખવવા લાગ્યા.

શીલ, સમાધિ અને પ્રજ્ઞાના વાસ્તવિક અભ્યાસે જેમ મને આકર્ષિત કર્યો હતો, તેમ જ તેણે સહુને પોતાના ભણી ખેંચવા માંડયાં. કારણ કે આમાં કોઇ પ્રકારના વાદ–વિવાદને સ્થાન ન હતું, કોઇ પ્રકારની સાંપ્રદાયિક માન્યતાને સ્વીકારવાનો દુરાગ્રહ ન હતો. શુદ્ધ વૈજ્ઞાનિક વિદ્યા સહુને આકર્ષિત કરવા લાગી.

ડેલહાઉસીમાં બહોળી સંખ્યામાં વિદેશીઓની અનેક શિબિરો થઇ. એક વૃદ્ધ પાદરી અને બે વૃદ્ધા સાધ્વીઓએ ભાગ લીધો. તેઓ વાસ્તવમાં એ જોવા આવ્યાં હતાં કે હું તેમના અનુયાયીઓને ભરમાવતો તો નથી ને! આમ તો એક સચ્ચાઇ તેમને સમજાઇ જ ચૂકી હતી કે વિપશ્યી સાધકોએ એલ.એસ.ડી. તથા અન્ય માદક પદાર્થ છોડી દીધા છે. અનેક સાધકો ઉન્મુકત યૌન સંબંધોથી પણ મુકત થઇ ગયા છે. આ બધું વિપશ્યના શીખવાને કારણે જ થયું. હિપ્પીકલ્ટમાં ગળાડૂબ યુવક–યુવતીઓમાં આ સુધારો તેમને માન્ય હતો, છતાંય ધર્માતરણનો ખટકો તેમના મનમાં કયાંક સમાયેલ હતો.

સ્વાનુભવથી શિબિરનું પરિણામ જોઇને તેઓ અત્યંત પ્રભાવિત થયાં. અને એટલે જ શિબિરના અંતે વૃદ્ધા મધર મેરીએ ઊભા થઇને કહ્યું, ''ગોયન્કા, તું તો ક્રિશ્ચિયાનિટિ શીખવે છે, નામ બુદ્ધનું લે છે, એટલું જ''

તે શિબિર પછી ભારતની શિબિરોમાં ખ્રિસ્તી પાદરીઓ અને સાધ્વીઓ મોટી સંખ્યામાં આવવા લાગ્યાં. હવે તો મુંબઇ ખાતે એક કેન્દ્રમાં ફકત તેમના માટે જ શિબિર લાગે છે. અત્યાર સુધીમાં પાંચથી છ હજાર પાદરી અને અને સાધ્વીઓ વિપશ્યના શિબિરોથી લાભાન્વિત થઇ ચૂક્યા છે તથા અન્યોને પ્રશિક્ષિત કરવાનું કાર્ય અવિરત ચાલી રહ્યું છે.

ડેલહાઉસીમાં વિદેશીઓની એક શિબિરમાં માર મિત્ર યશપાલ જૈન તથા વિષ્ણુ પ્રભાકર પણ આવી ગયા. બન્ને આ પ્રશિક્ષણથી બહુ જ પ્રભાવિત થયા. શ્રી યશપાલજીને જૈનોના તેરાપંથ સંઘ પ્રમુખ આચાર્યશ્રી તુલસી સાથે ખાસી ઘનિષ્ઠતા હતી. તેમણે આચાર્યશ્રી પાસે આ વિદ્યાના ખૂબ વખાણ કર્યા. મારી તેમની સાથે મુલાકાત પણ કરાવી. આચાર્યશ્રી વિધિની શુદ્ધતાથી ખૂબ પ્રભાવિત થયા. તેઓએ પોતાના મુખ્ય મુનિશ્રી નથમલજી તથા કેટલાક અન્ય સાધુ–સાધ્વીઓ માટે દિલ્હીમાં શિબિરો કરાવી. સહુએ આ વિદ્યાને ખૂબ વખાણી. જેના પરિણામે તેમણે લાડનૂના 'તુલસી અધ્યાત્મ નીડમ્' માં વિપશ્યનાની બે શિબિરો લગાવી, જેનો તેમનાં લગભગ બધાં જ મુનિ–સાધ્વીઓએ લાભ લીધો. સમય જતાં આચાર્યશ્રી તુલસીજીના દેહત્યાગ બાદ યુવાચાર્ય મહાપ્રજ્ઞ (મુનિશ્રી નથમલજી) તેરાપંથના પ્રમુખ આચાર્યશ્રી બન્યા. તેમણે વિપશ્યના માં થોડા ફેરફાર કર્યા અને તેને સમાનાર્થી 'પ્રેક્ષા ધ્યાન' નામથી શીખવવા લાગ્યા.

સ્થાનકવાસી શ્રમણસંઘીય ચતુર્થ પટધરના પ્રવર આચાર્ય ડો. શિવમુનિજી તથા પાર્શ્વચંદ્રગચ્છ સંઘના પ્રમુખ મુનિઓમાં મુનિશ્રી અમરેન્દ્રવિજયજી, મુનિશ્રી ભુવનચંદ્રજી, મુનિશ્રી પાર્શ્વચંદ્રજીએ અનેક શિબિરો કરી, પરંતુ તેમના દ્વારા વિપશ્યનામાં કોઇ ફેરફાર કરવાની કોઇ માહિતી નથી. ઉપાધ્યાય શ્રી અમરમુનિજીની સાથે 'વીરાયતન'નાં વ્યવસ્થાપિકા સાધ્વીશ્રી ચંદનાજીએ રોજગીર અને પુનાની બીજી શાખા 'નવલ વીરાયતન' માં પણ શિબિરો લગાવડાવી. આમ અનેક ગચ્છના અનેક મુનિઓ તથા સાધ્વીઓએ ખુદ તો લાભ લીધો, એટલું જ નહીં, બલકે,

અન્યોને પણ પ્રોત્સાહિત કરતાં રહ્યાં.

પચાસમી શિબિર મહાત્મા ગાંધી આશ્રમ, સેવાગ્રામ વર્ધામાં ગાંધીજીનાં પુત્રવધૂ નિર્મલાજીએ લગાવડાવી. તેમાં ગાંધીજીના કેટલાક સહયોગીઓ પણ સામેલ થયા. શિબિરના અંતે તેઓ મને વિનોબા ભાવેના આશ્રમમાં લઇ ગયા. ત્યાં તેમણે મને પડકાર ફેંક્યો કે વિપશ્યનાની સફળતા તેઓ ત્યારે જ સ્વીકારશે કે જ્યારે જેલના કેદીઓમાં સુધારો આવે. મેં પડકારનો સ્વીકાર કર્યો. પરંતુ, સરકારી જેલ–નિયમોને કારણે તે વખતે કોઇ શિબિર લાગી ન શકી. જેલની શિબિર વાસ્તવમાં ૧૦૯ મી શિબિરમાં સામેલ રાજસ્થાનના તત્કાલીન ગૃહસચિવ શ્રી રામસિંહજીના પ્રયાસથી સંભવ થઇ. તેમણે બધા જ નિયમોમાં છૂટ આપતાં કેદીઓની પહેલી શિબિર જયપુરની સેન્ટ્રલ જેલમાં લગાવી, અને તેનાં આશ્ચર્યજનક પરિણામોએ પૂરી દુનિયાભરની જેલોમાં વિપશ્યના શિબિરો માટે દરવાજા ખોલી આપ્યા. દિલ્હીની તિહાડ જેલમાં બેટી કિરણ બેદીએ અનેક શિબિરો લગાવી અને હવે તો ત્યાં એક કેન્દ્ર પણ ખુલી ગયું છે. અનેક દેશોની જેલોમાં શિબિરો લાગી અને લાગતી રહે છે. મ્યંમાની સરકારે પણ જેલોમાં વિપશ્યના શિબિરો લગાવી અને વિપશ્યના કેન્દ્ર પણ ખોલી આપ્યાં.

ભારતમાં પ્રારંભિક ૭–૮ વરસોમાં લોકો ધર્મશાળાઓ, સ્કૂલો, મંદિરો, ઉપાશ્રયો, (બૌદ્ધ) વિહારો, દેવળ(ચર્ચ), દરગાહ, વગેરેમાં અનેક પ્રકારની અસુવિધા વેઠવા છતાંય લોકો વિપશ્યના શિબિરોમાં આવતા હતા. શિબિરના તમામ નિયમોનું પાલન કરતાં કરતાં સાધના કરતા હતા. ૧૯૭૬ માં ઇગતપુરી અને હૈદરાબાદમાં ક્રમશઃ શ્રીરામ તાપડિયા તથા શ્રી રતિલાલ મહેતાએ વિપશ્યના કેન્દ્રોનું નિર્માણ કરાવ્યું. ત્યાર પછી, ભારત અને વિદેશોમાં અનેક વિપશ્યના કેન્દ્રોનું નિર્માણ થવા લાગ્યું.

ભારતનાં પ્રથમ દસ વરસોમાં કુલ ૧૬૫ શિબિરોમાં ૧૬,૪૯૬ લોકો સામેલ થયા. તેમાં મુનિ, ભિક્ષુ, સંન્યાસી, પાદરી, વગેરે. સાધુ–સાધ્વી, હિંદુ, મુસ્લિમ, જૈન, શીખ, ખ્રિસ્તી, પારસી, વગેરે. ભારતીય અને વિદેશી ગૃહસ્થ યુવક યુવતીઓ, ધનવાન, ગરીબ, કાળાં, ગોરાં, ભૂરાં, પીળાં, તમામ પ્રકારના શ્રદ્ધાળુજન શિબિરોમાં સામેલ થયાં. તેઓએ મારા જેવા અજાણ્યા, અપરિચિત વ્યક્તિની શિબિરોમાં ભાગ લીધો અને મને ધર્મદાન દેવાનો સુઅવસર પ્રદાન કર્યો. હું તેમાંના પ્રત્યેકનો આભારી છું.

શિબિરોમાં કેટલાક એવા લોકો પણ આવ્યા, જે અરધી–પરધી વિદ્યા શીખીને તેમાં પોતાના તરફથી કાંઇક ઉમેરીને, તેમાંથી કાંઇક બાદ કરીને વિપશ્યના શીખવવા લાગ્યા. કેટલાક એવા ચહેરા પણ સામે આવે છે, જે એક યા બીજા કારણસર મારાથી દૂર થઇને કાં તો કોઇ બીજી સાધના કરવા લાગ્યા, કાં પછી સાધનાથી જ મોં ફેરવી લીધું. હું તે સહુનો પણ આભારી છું કે તેમણે પણ પોતાના જીવનના અણમોલ દસ દિવસ તો મને આપ્યા. ખૂબ મોટી સંખ્યામાં એવા સાધક પણ છે, જેમણે વિપશ્યના વિદ્યાને શુદ્ધ સ્વરુપમાં અપનાવી અને તેનો ભારત તથા વિદેશોમાં પ્રચાર–પ્રસાર કરવા લાગ્યા. હું તેમનો પણ અત્યંત આભારી છું.

ભારત તથા વિશ્વભરમાં અત્યાર સુધીમાં ૧૪૭ વિપશ્યના કેન્દ્રો ખુલી ચૂક્યાં છે. લગભગ ૨૦૦૦ પ્રશિક્ષિત આચાર્યો અંગ્રેજી, હિંદી તથા અન્ય ભાષાઓમાં નિયમિત રૂપે વિશ્વભરમાં સામાન્ય તથા બાલ–શિક્ષણ શિબિર લગાવી રહ્યાં છે. મારા શબ્દોમાં અપાયેલ પ્રશિક્ષણનો ૫૮ ભાષાઓમાં અનુવાદ થયો અને તે તમામ ભાષાઓમાં શિબિરો લાગવા માંડી છે. હું આ સર્વ આચાર્યો, વ્યવસ્થાપકો તથા ધર્મસેવકોનો આભારી છું. આજે ભારતમાં તથા વિદેશોમાં લગભગ ૧,૬૦૦ શિબિરોમાં ૮૦,૦૦૦ લોકો પ્રતિવર્ષ લાભાન્વિત થઇ રહ્યા છે. આ સંખ્યા વરસોવરસ વધી રહી છે. આમના જ કારણે આજે વિશ્વ વિપશ્યના પગોડા અસ્તિત્વમાં આવી શક્યું છે. આ માટે પ્રિય સુભાષચંદ્ર તથા તેમના પરિવારે મહત્ત્વપૂર્ણ ભૂમિનું દાન આપ્યું, સાધકો તથા અન્ય શ્રદ્ધાળુઓએ મળીને પગોડાનું નિર્માણ કર્યું.

ભગવાને કહ્યું, **सब्बदानं धम्मदानं जिनाति...।** (ધમ્મદપદ–૩૫૪, તણ્હાવગ્ગો) અર્થાત્, સહુ દાનોમાં ધર્મનું દાન શ્રેષ્ઠતમ છે. હું આ અણમોલ રત્ન ભારતમાં લઇ આવ્યો. પરંતુ, જો અહીં કોઇ મારી પાસેથી ધર્મદાન લેત જ નહીં, તો આ શ્રેષ્ઠતમ પુણ્ય મને શી રીતે મળત ? એટલે પણ એક – એક વ્યક્તિનો આભારી છું. તદુપરાંત, તેમણે એ પુરાતન ભવિષ્યવાણીને પણ ચરિતાર્થ કરી કે બુદ્ધ શાસનનાં ૨૫૦૦ વર્ષ પૂરાં થવા પર સદ્ધર્મ બરમાથી ભારત આવશે. અહીંના લોકો એનો સ્વીકાર કરશે, ત્યારે તે વિશ્વભરમાં ફેલાશે.

આ સહુને યાદ કરીને મન કૃતજ્ઞતાથી ભરાઇ ઊઠે છે. જો તેમણે દસ દિવસનો સમય ન આપ્યો હોત તો વિશ્વભરમાં મારી પાસે સાધના શીખવા કોણ આવત ? આ માટે તેમનો ઉપકાર માનું છું અને ઇચ્છું છું કે ફરી એક વાર તે સહુ મને મળે, જેથી હું તેમની સમક્ષ મારા હૃદયના કૃતજ્ઞતાસભર ઉદ્ગાર પ્રગટ કરી શકું. ખૂબ જ ઇચ્છા છે કે જે પણ સાધક આ પત્રિકા અથવા લેખ વાંચે અને તે એવા કોઇ સાધકને જાણતા હોય, જેમણે મારાં પ્રથમ દસ વરસો (૧૯૬૯–૧૯૭૯)માં મારી પાસે ક્યારેય વિપશ્યનાની એક શિબિર પણ કરી હોય, તેને રવિવાર, ૧૭ જાન્યુઆરી, ૨૦૧૦ ના રોજ થવાવાળા **ગ્લોબલ વિપશ્યના પગોડા**, ગોરાઇ(બોરીવલી) ના **''કૃતજ્ઞતા સંમેલન''** માં અવશ્ય લાવશો.

## સુરત ખાતે ડોક્ટરો માટે 'વિપશ્યના પરિચય' કાર્યક્રમ

**તારીખ** : ૩૦ ઑગષ્ટ, ૨૦૦૯ રવિવાર

**સમય** : બપોરે ૩.૦૦ થી ૫.૩૦ કલાકે

**સ્થળ** : **ગાંધી સ્મૃતિ,**
ટિમલિયાવાડ, નાનપુરા, સુરત.

સાધકોને તેમના પરિચિત ડોક્ટર, સ્નેહીજનો સાથે ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

**સંપર્ક** : ડો. જીતુભાઈશાહ : મો. ૯૮૨૫૦ ૫૪૨૭૪

## હાર્દિક આમંત્રણ

**ભારતમાં પ્રથમ દસ વર્ષોમાં લાગેલી વિપશ્યના-શિબિરોમાં ભાગ લઈ મને કૃતાર્થ કરવાવાળા સર્વ સાધકોને કૃતજ્ઞતા સંમેલનમાં ભાગ લેવા માટે હું સહૃદય આમંત્રિત કરું છું.**

**આભાર વ્યક્ત કરતાં**

**સત્યનારાયણ ગોયન્કા**

# કૃતજ્ઞતા સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક સાધકોને નમ્ર વિનંતી

કૃપા કરી આપની આસપાસના સાધકો/પરિચિતો પર ધ્યાન આપી જુઓ કે શું આપ કોઈ એવા સાધકને જાણો છો કે જે પ્રથમ દસ વર્ષોમાં (૧૯૬૯ – ૧૯૭૯) પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં વિપશ્યનાની એક શિબિર પણ કરી ચૂક્યા હોય પરંતુ, સંભવ છે કે આજે તેઓ કોઈ કારણસર.....

૧. વિપશ્યના નથી કરી શકતા અથવા તેનાથી વિમુખ થઈ ગયા હોય.

....અથવા....

૨. કોઈ અન્ય સાધના માર્ગનું અનુસરણ કરવા લાગ્યા હોય.

....અથવા....

૩. કોઈ બીજા નામથી બીજાંને શીખવવા લાગ્યા હોય.

જે કાંઈ હોય, તે સહુ સાધક ધન્યવાદને પાત્ર છે. તેમને **''કૃતજ્ઞતા સંમેલન''** માં આવવા માટે આમંત્રિત કરવાના છે. તો, તેમનું હાલનું પૂરું નામ–સરનામું, ફોન નં., ઈ–મેઈલ તથા તેમની પ્રથમ શિબિરમાં ભાગ લીધાની તારીખ તથા સ્થાન, વગેરે લખી મોકલશો, તથા અન્યોને પણ લખી મોકલવા પ્રેરિત કરવા કૃપા કરશો....

સહુ આચાર્યો, વરિષ્ઠ સહાયક આચાર્ય, સહાયક આચાર્ય તથા બાળ શિબિર શિક્ષક, ધર્મસેવક, ટ્રસ્ટીઓ તથા અન્ય સાધકો પણ આ **''કૃતજ્ઞતા સંમેલન''** માં ભાગ લેવા માટે સાદર આમંત્રિત છે.

કૃપા કરી આપના મિત્ર–પરિચિત સાધકોના આવવાની જાણકારી નીચેના સંપર્ક–સરનામે અવશ્ય મોકલશો, જેથી યથા સમય આપ સહુના ભોજન, વગેરેની યોગ્ય વ્યવસ્થા કરી શકાય.

**સંપર્ક**

**કુ. ભાવના ગોગરી** અથવા **કુ. નમિતા બજાજ**
વિપશ્યના વિશ્વ વિદ્યાપીઠ
'ધમ્મગિરિ', ઈગતપુરી - 422 403, તા. નાસિક (મહારાષ્ટ્ર)
ફોન : +91-2553 - 244086
મો. : 99678 71644, 98196 15426
સવારે 10.00 થી સાંજે 5.00 દરમિયાન
E-mail : globalpagoda17jan@gmail.com

## એક દિવસીય શિબિર તથા સમૂહ સાધના બેઠકોની માહિતી - અનુરોધ

આપના ગામ/શહેરમાં થતી સમૂહ સાધના બેઠકો તથા એક દિવસીય શિબિરની વિગતવાર માહિતી રાજકોટ સિટિ ઓફિસને લેખિતમાં મોકલવા વિનંતી છે.

ધમ્મકોટ ખાતે સતિપટ્ઠાન શિબિર
તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૦૯ થી ૦૬ સપ્ટેમ્બર, ૨૦૦૯

''વિપશ્યના'' ગુજરાતી પત્રિકા અંગે કોઈ પણ ફરિયાદ/પૂછપરછ માટે રાજકોટ સિટિ ઓફિસનો સંપર્ક લેખિતમાં કરવા વિનંતી.

## દોહા ધરમના

શીલ હમારા શુદ્ધ હો, હો સમાધિ ભી શુદ્ધ ।
જબ પ્રજ્ઞા ભી શુદ્ધ હો, હોંય તભી હમ શુદ્ધ ॥

શીલવાન કે ધ્યાન સે, પ્રજ્ઞા જાગ્રત હોય ।
અંતર કી ગાંઠેં ખુલેં, માનસ નિર્મલ હોય ॥

બિના શીલ ધારણ કિયે, શુદ્ધ સમાધિ ન હોય ।
બિન સમાધિ પ્રજ્ઞા નહીં, મુક્તિ કહાં સે હોય ॥

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

પ્રજ્ઞા શીલ સમાધિ હી, શુદ્ધ ધરમ કા સાર ।
જો કોઈ ધારણ કરે, હોય દુખોં કે પાર ॥

ક્ષણ ક્ષણ મંગલ હી જગે, ક્ષણ ક્ષણ સુખ હી હોય ।
ક્ષણ ક્ષણ અપને કર્મ પર, સાવધાન યદિ હોય ॥

કાયા વાણી મૌન હૈ, હુઆ ચિત્ત ભી મૌન ।
ઉસ સાધક-સા જગત મેં, ભાગ્યવાન હૈ કૌન ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧–બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર. સી. દત્ત રોડ
વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

**વિપશ્યના 5 ઓગસ્ટ, 2009** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-
વાર્ષિક લવાજમ : રૂા. 30/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 8 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટલ, પંચનાથ પ્લોટ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org